# Krishna Stories

## Table of Contents


કૃષ્ણનું માખણ (Krishna's butter) ........ 2

કૃષ્ણ અને ફળ વેચનાર (Krishna and the fruit seller) ........ 3

કૃષ્ણ અને કાલિયા નાગ (Krishna and Kaaliya Naag) ........ 4

ગોવર્ધન પૂજા (Govardhan pooja) ........ 5

ખાંડવવન (Khandavan) ........ 6

ઋષિ સાંદીપની (Rushi Sandipani) ........ 7

કૃષ્ણ અને સુદામા (Krishna and Sudama) ........ 8

સુદામા અને કૃષ્ણ (Sudama and Krishna) ........ 9

કૃષ્ણ અને અર્જુન અને દુર્યોધન (Krishna and Arjun and Duryodhana) ........ 10


vedlnk

# કૃષ્ણનું માખણ (Krishna’s butter)

કૃષ્ણ નાના હતા, ત્યારે ગોકુલમાં યશોદામાતા અને પિતા નંદ સાથે રહેતા હતા. તેમના ઘરમાં ઘી, દૂધની રેલમછેલ હતી પણ તેમને જોયું કે ગોપબાળકોને છૂટથી દૂધ માખણ ખાવા ના મળતું , કારણકે ગોપીઓ બધું માખણ મથુરામાં વેચવા  લઇ જતી. કૃષ્ણને લાગ્યું કે આ બરાબર નથી. કૃષ્ણ મસ્તીખોર તો હતાજ, તો હવેથી જ્યારે ગોપીઓ ઘરબહાર હોય ત્યારે કૃષ્ણ અને તેના મિત્રો ઘરમાં ઘુસી મટકી ફોડીને ગોપબાળકોને માખણ ખવડાવતા અને તોફાન કરતા. આની પાછળ તેમને સમજાવ્યું હતું કે પહેલા પોતાના છોકરાઓનું ધ્યાન રાખીને જ વધેલા માખણનો વેપાર કરાય. કૃષ્ણની મહેનતથી ગોકુલના બધા છોકરાઓ પૌષ્ટિક ખોરાકના કારણે સ્વસ્થ અને બળવાન બન્યા.

**સુંદર જીવન માટે શારરિક સ્વાસ્થ પણ આવશ્યક છે**

vedlink

# કૃષ્ણ અને ફળ વેચનાર (Krishna and the fruit seller)

એક સ્ત્રી ફળ વેચતી હતી. તે ફળ વેચવા કૃષ્ણ ભગવાનના ઘરે આવી. આ દિવસે કોઇએ એના ફળ ખરીધા ન હતા. કૃષ્ણએ જોયું કે એની છાબડી અલગ અલગ ફળોથી ભરેલી છે. કૃષ્ણ ઘરની અંદર જઇને એક મુઠી ચોખા ભરીને આવ્યા. પણ એમના હાથ નાના નાના હતા. તેથી તેમાં માય કેટલું? મોટા ભાગના ચોખા તો વેરાઈ ગયા. કૃષ્ણે ચોખા સ્ત્રીને આપ્યા અને પૂછ્યું, "આટલા ચોખા માં મારાથી કેરી લેવાય?"સ્ત્રી ને ખબર હતી કે નાનકડી મુઠી ચોખામાં મોટી કેરી ના મળે. પણ બાલકૃષ્ણ ભગવાનની ઈચ્છા જોઈ તેણે ને હા પાડી. કૃષ્ણ તો કેરી લઈને ખુશ થતા રમવા ગયા. સ્ત્રી જ્યારે ઘરે પહોંચી ત્યારે છાબડીમાં જોયું તો કૃષ્ણની કૃપાથી આખી છાબડી રત્નોથી ભરાઇ ગઈ હતી!

vedlink

## કૃષ્ણ અને કાલિયા નાગ (Krishna and Kaaliya Naag)

એક દિવસ, યમુના કિનારે, બાળ કૃષ્ણ એમના મિત્રો જોડે દડો રમતા હતા. દડો ભૂલ થી યમુના નદીમાં પડી ગયો. આ યમુના નદીમાં કાલીયાનાગ તેમના કુટુંબ સાથે રહેતા હતા અને પોતાનું ઝેર પાણીમાં ઓકતા હતા તેથી યમુનાનું પવિત્ર પાણી ઝેરી બની ગયું હતું! બધા કાલીયાનાગથી ડરતા હતા તેથી કોઈ તેમને કહી શકતું નહિ કે આવું ના કરાય. કૃષ્ણ વીર અને સ્પષ્ટ વક્તા હતા અને સાચી વાત કહેવામાં વળી શો ડર? દડો પાણીમાં ગબડવાથી બીજા છોકરાઓ યમુના કિનારે ઉભા વિચાર કરતા હતા કે હવે શું કરીશું?! ત્યાંજ ધબકો સંભળાયો અને જોયું તો કૃષ્ણ બહાદુરીથી ડૂબકી મારી યમુનાના કાળા પાણીમાં અદ્રશ્ય થઇ ગયા. શ્વાસ રોકીને તે કાલીયા નાગના રાજ્યમાં ઝડપ થી પહોંચ્યા અને કાલીયાનાગ ને કહ્યું," તમે અહીં  થી  બીજે ચાલ્યા જાઓ. અહીં નાના બાળકો રમે છે તો અમારો દડો પાછો આપો જેથી બાળકો રમત-રમતા બળવાન થાય. કાલીયાનાગ આ સાંભળીને હસ્યા અને કહ્યું કે," તું તો નાનું બાળક છો અને હું ઘણો મોટો અને બળવાન છુ, તું જ અહીં થી ચાલ્યો જા!" કૃષ્ણએ કાલીયાનાગને સમજાવા  ખૂબ પ્રયત્ન કર્યો પણ કાલીયાનાગે અહંકારથી ફુંકારો કરી કૃષ્ણ ને લલકાર્યા. કૃષ્ણએ આત્મવિશ્વાષથી અને બહાદુરીથી નાગને હરાવ્યો. બીજી બાજુ કૃષ્ણ નદીમાં કૂધાના સમાચાર સાંભળીને યમુના નદીને કિનારે બધા ગોકુલગામના લોકો તેમનું કામ છોડીને, દોડતા આવ્યા અને શું કરવું તે વિચારતા હતા; ત્યાં કૃષ્ણ કાલીયા નાગના ફેણ પર નાચતા-નાચતા બહાર આવ્યા. કૃષ્ણના કહેવાથી કાલીયાનાગ પરિવાર સાથે યમુના છોડી સમુદ્રમાં રહેવા ચાલ્યા ગયા અને ત્યાર પછી ગામના છોકરાઓ ભેગા મળી ડર્યા વગર, નદી કિનારે રમત રમી શકતા .

**તમારી પાસે ખૂબ શક્તિ છે, ડરતા નહિ!**

Vedlink

# ગોવર્ધન પૂજા (Govardhan pooja)

ગોકુલવાસીઓ દેવોથી ડરતા તેથી ઇન્દ્રપૂજા માટે તૈયારી કરતા હતા. પૂજાની તૈયારીઓના કારણે, તેમને ખેતરના પાક અને પશુઓની સંભાળ લેવાનો પણ સમય ન મળતો. બાળકૃષ્ણને લાગ્યું કે આ ખોટું છે. પૂજા ડરથી નહિ, પણ ભાવથી કરવાની હોય. તેમને બધાને ભેગા કર્યા અને સમજાવ્યું કે "ગોકુલના લોકો ગાયપાલક અને ખેડુત છે, તેથી આપણો ધર્મ આપણા પશુ અને પાકને સંભાળવામાં છે. સ્થાનિક ગોવર્ધન પર્વત આપણી માટે પવિત્ર છે. તે ગામના લોકોને કેટલું બધું ના માંગતા આપે છે! ફળ, ફૂલ, ઝાડ, પાણી, બધું આ પર્વતના કારણે મળે છે. તો આપણે ગોવર્ધનનું  પૂજન કરવું જોઈએ કૃષ્ણ નાના હતા પણ તે સમજદાર હતા. નાનપણમાં પણ, તેમની પાસે લોકોની માન્યતા બદલવાની કુશળતા  હતી!  ગોકુલના લોકો કૃષ્ણની કોઠાસૂઝની વાત માની ગયાઅને ગોવર્ધનનું પૂજન કરવાની તૈયારી કરવા લાગ્યા. ઇન્દ્ર આ જોઈને ગુસ્સે થયા. તેમને એક મોટું તોફાન મોકલ્યું જેથી આખું ગામ વાવાઝોડું અને વરસાદથી હેરાન પરેશાન થઇ ગયું. યમુના બે તીરે થઇ અને પૂર આવવાથી લોકો ભયભીત થઇ ગયા. બધા કૃષ્ણ પાસે સલાહ માંગવા ગયા તો કૃષ્ણ બધાને આશ્વાસન આપ્યું અને ગામેને બચાવવા માટે ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ઉપાડ્યું અને બધાને તેની નીચે આશ્રય આપ્યો. પર્વત ઉચકવા માટે ગામના લોકો પણ પોતાની લાકડીથી કૃષ્ણને ટેકો આપવા લાગ્યા.  તેમનું કર્તૃત્વ અને એકતા જોઈ આખરે ઇન્દ્રને તેની ભૂલનો અહેસાસ થયો અને ગામના લોકોને અમસ્તા હેરાન કરવાનો પ્રયાસ બંધ કર્યો.

**અનુયાયી ન બનો, નેતા બનો**

# ખાંડવવન (Khandavan)

ધૃતરાષ્ટ્રે પાંડવોને રાજ્યના ભાગમાં પડતર જમીન આપી હતી. આ ઇન્દ્રપ્રસ્થમાં પાંડવો રહેતા હતા. કૃષ્ણ પાંડવોને રાજ્યસ્થાપિત કરવામાં મદદ કરતા હતા. ત્યારે અગ્નિદેવ તેમની પાસે આવ્યા અને મદદ માંગી. અગ્નિદેવે કહ્યું કે જન્મારાની અતૃપ્ત ભૂખ સંતોષવા માટે અર્જુન અને કૃષ્ણની મદદની જરૂર છે. ખાંડવવન જો અગ્નિદેવને ભોજન તરીકે મળે તો આ ભૂખ સંતોષાય. ખાંડવવનમાં રહેતા તક્ષક નાગ પરિવારને ઈન્દ્રદેવે રક્ષણ આપવાનું વચન આપેલું તેથી અગ્નિ જ્યારે પણ ખાંડવવનને બાળવાનો પ્રયત્ન કરતા ત્યારે વરસાદ પાડીને ઇન્દ્રદેવ તેનો પ્રયત્ન નિષ્ફળ કરતા. કૃષ્ણ અને અર્જુન સંમત થયા કે ઇન્દ્ર માત્ર એક મિત્રના રક્ષણ માટે અગ્નિદેવનું ભોજન અટકાવે છે તે યોગ્ય નથી. તેથી અગ્નિદેવને મદદ કરવાનું વચન આપ્યું. બળવાન ઇન્દ્રને રોકવા અર્જુન પાસે જોયતું સાધન ન હતું  તેથી અગ્નિએ અર્જુનને ગાંડીવ ધનુષ આપ્યું.

હવે અગ્નિદેવ ખાંડવવન સળગવા લાગ્યા ત્યારે હંમેશની જેમ ઇન્દ્રદેવે ભારે વરસાદ વરસાવ્યો.  ઇન્દ્રના આ ભારે પ્રકોપને રોકવા કૃષ્ણએ તેમના સુદર્શનચક્રનો ઉપયોગ કર્યો અને અર્જુને ગાંડીવ ધનુષનો ઉપયોગ કરી બાણનો ભારે મારો ચલાવ્યો. ઈન્દ્રદેવે ગમે તેટલો વરસાદ વરસાવે પણ વનમાં પાણી પહોંચી શક્યું નહિ. અંતે, ઇન્દ્રદેવ થાકી ગયા અને અગ્નિદેવ પોતાનું ભોજન મેળવી સંતુષ્ટ થયા. વનમાં રહેતા બધા હિંસક પ્રાણીઓનો ખાદમો નીકળી ગયો, માત્ર તક્ષકનાગ તે વખતે કોઈ કાર્યસર બહારગામ હતો તેથી બચી ગયો.

Vedlink

# ઋષિ સાંદીપની (Rushi Sandipani)

ઋષિ સાંદીપની ના આશ્રમ માં અભ્યાસ પૂરો થતા વિદાય ના સમયે કૃષ્ણે પૂછ્યું કે ગુરુ દક્ષિણા માં તે શું આપી શકે?સાંદીપનિ ઋષિએ ગુરુ દક્ષિણા લેવાની ના પાડી અને કહ્યું કે જગદીશ તેમના આશ્રમ માં પધાર્યા તેનાથી વધુ તો સુ મેળવવાનું હોય? પણ કૃષ્ણ સાન્દીપની ઋષિને કૃતજ્ઞતાથી કંઈક આપવા માંગતા હતા. બહુ વિચારતા તેમને યાદ આવ્યું કે એક દિવસ ઋષિપત્ની રડતા હતા ત્યારે સાંદીપની પત્ની ને દિલાસો આપતા કહેતા હતા કે પ્રભુ ને ગમ્યું તે થયું, હતાશ થવાની જરૂર નથી.કૃષ્ણ ઋષિ પત્ની પાસે ગયા અને તેમના રડવાનું કારણ પૂછ્યું. ઋષિપત્ની એ દુઃખી થઇ કહ્યું કે પંચજન્ય નામના રાક્ષસે તેમના પુત્રનું અપહરણ કર્યું ત્યાર થી પુત્ર વિરહ થી તે દુઃખી છે.કૃષ્ણએ સાંદીપનીના પુત્રને ગુરુ દક્ષિણા તરીકે પાછા લાવવાનું નક્કી કર્યું અને તે પંચજન્યના ઘરે ઋષિ પુત્રની માંગણી કરવા ગયા.તેમને પંચજન્યને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ જ્યારે તેણે સાંભળ્યું નહીં, ત્યારે ના છૂટકે કૃષ્ણ પાંચજન્ય સામે લડ્યા અને યુદ્ધ જીતીને સાંદીપનીના પુત્ર સાથે સાંદિપની ના આશ્રમમાં આવ્યા. તેમના ગુરુપત્ની અને સાંદિપની નો પુત્ર મળવાથી ખૂબ ખુશ થયા.  કૃષ્ણએ આજ પંચજન્યના હાડકાઓ થી શંખ બનાવ્યું, જે કુરુક્ષેત્ર માં અન્ય રાજવીઓને તેમના ધર્મ ના આવહરણ કરવાનું યાદ અપાવવા માટે વગાડ્યું.

# કૃષ્ણ અને સુદામા (Krishna and Sudama)

સુદામા અને કૃષ્ણ નાનપણથી ગાઢ મિત્રો હતા. બન્ને સંદીપની ઋષિના આશ્રમમાં પ્રથમ મળ્યા હતા. તે વખતે આશ્રમમાં શ્રીમંત ક્ષત્રિયો જેમકે કૃષ્ણ અને સુદામા જેવા ગરીબ બ્રાહ્મણ સાથે રહેતા અને ભણતા. એક દિવસ કૃષ્ણ અને સુદામા વનમાં લાકડા લેવા ગયા. તે બન્ને હસતા રમતા કામ કરતા હતા અને ખૂબ મઝા કરતા હતા તેથી સમય ક્યાં વીત્યો તેજ ખબર ના પડી અને અચાનક જોયું તો અંધારું થવા માંડેલું અને ત્યાં જ તોફાની વાવાઝોડા સાથે વરસાદ આવ્યો. બન્ને મિત્રોએ જુદા જુદા ઝાડ ઉપર ચડીને આશ્રય લીધો. અંધારું હોવાથી કાંઈ દેખાતું ન હતુ પણ મિત્રો વાતો કરતા તોફાન પસાર થવાની રાહ જોતા હતા. આમ કલાકો પસાર કર્યા હવે બન્ને ને ભૂખ લાગી. સુદામા પાસે થોડાક પૌવા હતા પણ તેને ખબર હતી કે કૃષ્ણને પણ ભૂખ લાગી છે. વાવાઝોડામાં ધોધમાર વરસાદમાં પણ સુદામા હિમંતથી ઝાડથી નીચે ઉતરી કૃષ્ણ જે ઝાડ ઉપર હતા, ત્યાં ચડ્યા અને કૃષ્ણ ને પહેલો કોળીઓ આપ્યો. સુદામા એ કહ્યું કે," મારી પાસે થોડાક પૌવા છે. તમે ખાઓ, તમને ભૂખ લાગી હશે!" કૃષ્ણએ જવાબ આપ્યો કે "ચાલને આપણે સાથે ખાઈએ, એકલા ખાવામા મઝા ના આવે." પછી બને મિત્રો સાથે પ્રાર્થના કરીને ખાધું. છેવટે સવાર થતા તોફાન શાંત થયું અને બન્ને ઝાડથી નીચે ઉતારીને પાછા આશ્રમમાં ગયા.

**સાચા મિત્રો એ જે એકબીજાની સંભાળ રાખે**

Vedink

# સુદામા અને કૃષ્ણ (Sudama and Krishna)

સુદામા અને કૃષ્ણ બાળપણના મિત્રો હતા. બંનેએ ઋષિ સાંદીપનીના આશ્રમમાં સાથે અભ્યાસ કર્યો હતો.આશ્રમ છોડ્યા પછી, કૃષ્ણ દ્વારકામાં મહેલમાં રહેતા હતા જ્યારે સુદામા એક નાની ઝૂંપડીમાં રહેતા હતા.બ્રાહ્મણ સુદામા તેમનો તમામ સમય અને શક્તિ સમાજના ઉત્થાન માટે વાપરતા. પરિવાર માટે પૂરતું ભોજન ન હોવા છતાં સુદામા ખુશ હતા. એક દિવસ, પત્ની સુશીલાએ સુદામાને તેમના મિત્ર કૃષ્ણને મળવાનું સૂચન કર્યું.સુદામાએ મિત્રને મળવા પ્રવાસ કરવાનું નક્કી કર્યું.સુશીલાએ સુદામાને કૃષ્ણ માટે પૌવાની નાની થેલી ભેટમાં આપવા બાંધી આપી. દિવસો સુધી મુસાફરી કર્યા પછી, સુદામા આખરે મહેલમાં પહોંચ્યા ત્યારે મુસાફરી થી થાકી ગયા હતા. મહેલ ના દ્વાર પર રક્ષકોએ સુદામાને રોક્યા અને પૂછ્યું કે “શા માટે તું આવ્યો છે? તને શું જોઈએ છે?” પરંતુ, સુદામા જવાબ આપે તે પહેલા કૃષ્ણે દૂરથી સુદામાને જોયા અને દોડતા મિત્રને ભેટવા પોતે દરવાજે પહોંચી સુદામા નું સ્વાગત કર્યું. પછી કૃષ્ણે સુદામાના પગ ધોયા અને બંને મિત્રો હિંચકે બેઠા અને વાતો માં ખોવાઈ ગયા . ત્યાં જ કૃષ્ણની નજર સુદામાની નાની થેલી પર પડી. રાજવી કૃષ્ણને પૌવા ની થેલી આપવામાં સુદામાને શરમ આવી, પરંતુ કૃષ્ણે ખુશીથી પૌવા ખાધા અને ભૂતકાળ માં સાંદીપનિ ઋષિના આશ્રમ ની ઘટના યાદ કરી. કૃષ્ણે સુદામાને પૂછ્યું કે મિત્ર હું શું આપી શકું? પરંતુ સુદામાએ જવાબમાં માત્ર સ્મિત કર્યું.થોડા દિવસ પછી સુદામા વિદાય લઇ પોતાના ઘરે પાછા ગયા,પરંતુ તેની ઝૂંપડીને બદલે એક મોટું ઘર જોઈ આશ્ચર્ય ચકિત થઇ ગયા. સુદામાએ કઈ ના માગ્યું છતાં, કૃષ્ણએ પ્રેમથી સુદામા અને તેના પરિવારની સંભાળ લીધી.કૃષ્ણે આપેલા પૈસાથી સુદામા સમાજને વધુ મદદ કરી શક્યા

# કૃષ્ણ અને અર્જુન અને દુર્યોધન (Krishna and Arjun and Duryodhana)

.

બધા મહાભારત યુદ્ધ માટે તૈયારી કરતા હતા. યાદવ કૃષ્ણ ની મદદ ઇચ્છતા દુર્યોધન અને અર્જુન બન્ને દ્વારકા માટે પ્રસ્થાન કર્યું. દુર્યોધન કૃષ્ણ ના મહેલ માં પેહલો પહોંચ્યો અને જોયું કે કૃષ્ણ સુતા હતા.તે કૃષ્ણ ના માથા ની બાજુમાં બેસી ગયો. પાછળથી આવેલ અર્જુને જોયું કે કૃષ્ણ આરામ કરે છે,તેથી આવાજ કર્યા વગર તે કૃષ્ણના પગ પાસે બેઠો.જ્યારે કૃષ્ણ ઉઠ્યા ત્યારે સ્વભાવિક પહેલા અર્જુન ને જોયો. કૃષ્ણે અર્જુનને પૂછ્યું કે તે શું મદદ કરી શકે ? અહીં દુર્યોધને ગુસ્સે થઇ કૃષ્ણને કહ્યું કે તે પહેલા આવ્યો છતાં અર્જુન ને કેમ પ્રાથમિકતા આપી? કૃષ્ણે સમજાવ્યું કે અર્જુન નમ્રતાથી પગ પાસે બેઠેલો હોવાથી કૃષ્ણે તેને પહેલા જોયો વળી તે નાનો પણ છે તેથી અર્જુને પહેલા માંગવું જોઇએ. કૃષ્ણે એ બંનેને કહ્યું કે કા તો યાદવની આખી સેના માંગી શકે અથવા નિઃશસ્ત્ર કૃષ્ણ પોતાના પક્ષમાં લઇ શકે છે. અર્જુને તરત જ કૃષ્ણ માંગ્યા. આ જોઈ દુર્યોધન ખુશ થયો. અર્જુન જાણતો હતો કે કૃષ્ણની કૃપાથી જ વિજય મળે.

Vedlink